

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અહીં અનેક રાતા - 'માતા' ગરબા લેવડાવે છે!*
*એ સૌ પોતાને 'બૌચરના ભગત' કેવડાવે છે!*
*ઉતરશો નહીં પાવાગઢથી મહાકાળી તમે -*
*અહીં ચૂંટણી ચંડ-મૂંડો નેતા થઈ બીવડાવે છે!*

હાઈકુ

*'ગરબી બંધી'*
*નેતા સિવાય સૌને -*
*સજા મના છે...*

*છે અહીં ઘણા*
*રક્તબીજ રાક્ષસો*
*કોને મારશો (માં)*

### ચિંતન

**વિક્રમધના રાજાન : ।**

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**જ્ઞાનદીપ્ત તેજસ્વીતા જ રાજાનું ધન હોય છે.**

**રાષ્ટ્રપ્રબંધ સંબધિત વિચારોની પ્રખરતા રુપી જ્ઞાનસૂર્ય જ રાજાનું સાચું તેજ અથવા વિક્રમ છે. જ્ઞાની રાજા જ સાચો ઐશ્વર્ય-સંપન્ન રાજા છે. અજ્ઞાની રાજા, પ્રજાની ધૃણાને પાત્ર હોવાથી, સત્તારૂઢ હોવા છતાંયે પદભ્રષ્ટ રાજા સમાન છે.**

**જેમ ધન મનુષ્યનું ભૌતિક સાધન મનાય છે. તેમ સત્યરુપી વિક્રમ જ વિદ્વાન અને યોગ્ય રાજાનું ધન છે. સત્યહીન રાજા પ્રજાનાં રોષ અને ધૃણાને પાત્ર બની, એના પ્રેમથી વંચિત બની, છેવટે રાજ્ય ગુમાવી બેસે છે.**

**રાજકારણમાં જ્ઞાની બુદ્ધિશાળી નેતા જ સફળ થાય છે. જેને કોઈ પણ બાબતનું અથેતિ જ્ઞાન નથી એવા નેતા વારંવાર નિવેદનમાં લોચા મારી હાસ્યસ્પદ બને છે. પ્રજામાં સન્માન સચવાતું નથી.**

### સુવિચાર

- જિંદગી તુજસે હર વક્ત સમઝૌતા કયું કિયા જાયે,
  શૌક જીને કા હે મગર ઈતના ભી નહીં કી મર મર કે જિયા જાએ - **મુંબઈ સમાચાર**
- પગને વાગેલી ઠોકર સંભાળીને ચાલવાનું શિખવાડે છે,
  અને મનને લાગેલી ઠોકર સમજદારીથી જીવવાનું શિખવાડે છે - **જીવન પાથેય**
- વાનર 'હુપ.. હુપ..' કરે અને માનવ.. 'હું જ.. હું જ..' કરે બંનેમાં કોઈ ખાસ ફરક નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવતાને જવાબ ના દે, અને મર્યા પછી 'ડીપી' મૂકે અને નીચે લગે 'મિસ યુ...' આ કયાંની સંસ્કૃતિ - **મોરારિ બાપુ**
- આ સંસારમાં ભૂલો ને માફ કરવાની ક્ષમતા બસ ત્રણ જણમાં જ છે..
  'માં... મહાત્મા અને પરમાત્મા.. - **નારાયણ સ્વામી**
- ભૂલો સુધારીએ અને ફરી રિહર્સલ કરીએ ત્યાં સ્ક્રિપ્ટ બદલાઈ જાય ... એનું નામ જિંદગી... - **જય વસાવડા**
- આજનું ઔષધ : સો ગ્રામ દૂધી, લસણ, દસ ગ્રામની પેસ્ટને એક લીટર પાણીમાં પંદર મિનિટ ઉકાળી, ઠંડુ પડે એટલે ગાળી તે પાણીના કોગળા કરવાથી દાંતનો દુઃખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કેટલાક લોકો પોતાની ભૂલોને પણ ભવ્ય કરીને બતાવતા હોય છે. પોતાની ભૂલોને નિખાલસ પણે સ્વીકારવાને બદલે એ પણ એક પરાક્રમ કર્યું હોય એમ બડાશ મારતા હોય છે.

એક ગામમાં એક મિયાંભાઈને અપ ટુ ડેટ રહેવાનો બહુ શોખ. ઘરમાં માથામાં નાખવાનું તેલ ન હોય તો દીવામાં પૂરવાનું તેલ માથામાં નાખીને વાળ ચકાચક ઓળે. ખાવાનાં ફાંફા હોય પણ કપડા પર ગરમ તપેલી ફેરવી ને ઈસ્ત્રી કરે અને પહેરીને ગામમાં વટ પાડે. ભૂખ્યા રહે, પણ ગામમાં વટ પડવો જોઈએ. ગામમાં કોઈ વખાણ કરે તો ફુલાઈ ને ફાળકો થઈ જાય.

એકવાર આ ભાઈ સાહેબ ગામમાં ફરવા નીકળ્યા. એક જણે પૂછ્યું, 'મિયાં, આ કપડાં તો ઈસ્ત્રીવાળા છે, પણ કાળી મૂછ પર આ શું ભરાયું છે?' મિયાને યાંદ આવ્યું કે માથામાં તેલ નાખતાં નાખતાં દિવાની વાટ મૂછ પર લાગીછે. કદાચ આજે આબરૂ જશે એટલે મિયાંએ કહ્યું, 'ભાઈજાન, આજ તો ઘર મેં ખાને કા બડા જલસા થા ઔર યે મૂછ પર લગી હૈ વો તો સુબહ સુબહ મૈંને સેવૈંયા ખાઈ થી. શાયદ વો લગ ગઈ.'

આ પ્રકારનો દંભી અભિગમ માણસને અંદરથી તો દુઃખી જ રાખે છે અને મામસ પોતાની પાસે કશું ન હોવા છતાં આ રીતે ખોટો રોફ મારવાની કોશિશ કરતો હોય છે.

# એશિયામાં પણ ભારત ચોથા નંબરે

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વની મહાસત્તા બનવાની મહેચ્છા ધરાવતું ભારત કોરોના સંક્રમણને કારણે એનું આર્થિક જોમ ગુમાવી બેઠું છે. આજની તારીખે એ દુનિયાનો બીજા નંબરનો માંદલો દેશ છે. અમેરિકા અને ભારત લગભગ કોરોના સંક્રમણ મુદ્દે લગોલગ આવી ચૂક્યાં છે. ઈશ્વરનો પાડ માનો કે આપણા સંક્રમિતોમાં મોટા ભાગના સાજા થઈ જાય છે. અમેરિકામાં મરણ પામેલાઓની સરખામણીમાં આપણા અધિકૃત મૃતકોની સંખ્યા આશ્ચર્યજનક કહી શકાય એ હદે ઓછી છે. એનું એક કારણ એ પણ હોઈ શકે કે આપણું વહીવટીતંત્ર અમેરિકા કે યુરોપના દેશો જેટલું 'સાચાબોલું' અને ઈમાનદાર નથી. એ અનુકૂળતા મુજબ આંકડા જાહેર કરી શકે છે અને પાછું લાજશરમ વગર કોર્ટમાં પણ ખુલાસો કરી શકે છે કે વાસ્તવિક આંકડા જાહેર કરીએ તો લોકો પૅનિકી બની જશે અને ભારે અરાજકતા સરજાશે! અત્યારે અમેરિકામાં પ્રમુખની ચૂંટણી ચાલે છે તો ભારતમાં પણ બિહાર વિધાનસભા ઉપરાંત મધ્યપ્રદેશ અને ગુજરાત જેવા રાજયોમાં કેન્દ્રની શાસક પાર્ટીએ કરાવેલ પક્ષપલટા - કોંગ્રેસી ધારાસભ્યોનાં રાજીનામાંને કારણે ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણી ચાલી રહી છે. બીજી તરફ તાઈવાન કબજે કરવા અને લદાખમાંથી પીછેહઠ નહીં કરવાના કપટી ચીનના અડિંગા સામે અમેરિકા સહિત ભારત અને જાપાન અને ઓસ્ટ્રેલિયા સૈન્ય કવાયતમાં જોડાયા છે. વિશ્વયુદ્ધની લક્ષ્મણરેખા પર દુનિયા આવીને ઊભી થઈ ગઈ છે ત્યારે અમેરિકાને એની આર્થિક મુશ્કેલીમાંથી બહાર આવતાં ઘણો લાંબો સમય નીકળી જશે જયારે ચીનની અર્થવ્યવસ્થા આગામી વર્ષે જ સમધારણ સ્થિતિ પ્રાપ્ત કરી દે એવી શક્યતાઓ વરતાઈ રહી છે. એશિયામાં ચીન સૌથી વધુ પ્રભાવક દેશ હતો અને ભારત પણ એની પાછળ આર્થિક છલાંગ ભરી રહ્યું હતું. પરંતુ ચીનને કોરોના મુદ્દે આખી દુનિયા શંકાની નજરે જોતી થઈ છે એ એકલું અટૂલું પડી ગયું છે. અમેરિકા એની તમામ અડચણો અને મર્યાદાઓ વચ્ચે એશિયાના દેશોમાં સૌથી વધુ પ્રભુત્વ ધરાવતા દેશ તરીકે ઊપસી આવ્યું છે. ભારત ચોથા ક્રમે ધકેલાઈ ગયું છે. અમેરિકા, ચીન અને જાપાન એના કરતાં આગળ નીકળી ગયાં છે. આવાં સર્વેક્ષણો અલબત્ત, ઘણી ચોકસાઈપૂર્વક કરાતાં હોય છે, પરંતુ જેમ બાકીનાં ક્ષેત્રોમાં બને છે એમ અહીં પણ કોઈ મહત્ત્વાકાંક્ષી પરિબળોની સ્પોન્સરશિપ જ હોય એમ માની લેવાની જરૂર નથી. એ સાચું કે ચીન કોરોનાની જન્મભૂમિ હોવા છતાં એના પર જડબેસલાક નિયંત્રણ મેળવવામાં સફળ રહ્યું છે. જયારે ભારતના આરોગ્ય પ્રધાનને જ મોડે મોડે કબૂલવું પડ્યું છે કે આપણે 'કોમ્યુનિટી ટ્રાન્સમિશન'ના ખતરનાક તબક્કે પહોંચી ગયા છીએ. આવી જ કબૂલાત દિલ્હીના મુખ્યમંત્રી અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રીએ ઘણી વહેલી કરેલી, પરંતુ ત્યારે કેન્દ્ર સરકારે એમની રજૂઆતને નકારી કાઢી હતી. કેરળમાં નિયંત્રણમાં રહેલ સંક્રમણ ઓણમ પર્વની ભીડભાડ પછી ઉછાળો મારી ચૂક્યું છે. તહેવારોની મોસમમાં ઉત્સવઘેલી પ્રજા કોરોનાનો ભય બાજુએ મૂકી ટોળાં કરતી થઈ જશે અને શ્રદ્ધાળુઓ લોકો મંદિરોમાં ભીડ કરશે તો સરકારના અત્યાર સુધીના પ્રાયસો ધૂળધાળી થઈ જશે તે નક્કી છે. તજજ્ઞો તો ખુલ્લંખુલ્લાં ચેતવી રહ્યા છે કે કોરોના સંક્રમણનું ચોથું મોજું ચાલી રહ્યું છે.

# માણસે એક સમયે એક જ કામ મન લગાવી કરવું જોઈએ





નવાં કલેવર
નટવર હેડાઉ

શહેરથી દૂરના એક ગામમાં એક યુવાન રહેતો હતો. તેનું નામ કૌશલ. તે ખૂબ જ હોંશિયાર, ભણેલો અને પ્રતિભાશાળી તેમજ સર્જનાત્મક દષ્ટિવાળો હતો. પરંતુ તેની બાબતમાં એક ખાસ વાત હતી. જેને એમ કહી શકાય કે ખાટલે મોટી ખોડ. તે યુવાન જે કામ શરૂ કરે તે ખુબ જ ઉત્સાહથી કરે પણ આપણા ગુજરાતીઓમાં કહેવાય છે કે 'પ્રારંભે શૂરો'. તેની બાબતમાં પણ કંઈક એવું જ હતું. તે એક કામ શરૂ કરે તે પુરું ન થાય તે પહેલાં વચ્ચે બીજું કામ શરૂ કરી દે. એ રીતે તે અનેક કામોની શરુઆત તો ખુબ જ સરસ રીતે કરતો પણ પૂરું એકેય કામ થતું નહીં. તેણે શરુઆતમાં ટૂર એન્ડ ટ્રાવેલ્સનું કામ હાથમાં લીધું. બુકીંગ કર્યા. સફળતા હાથ વેંટ છેટી હતી ત્યાં વચ્ચે ટ્યુશન કલાસ ચાલુ કર્યા. તે પછી મોબાઈલ કંપનીમાં જોબ કરવી જોઈએ એમ લાગતાં તેમાં જોડાયો. તે છોડીન રેડીમેટ કપડાં અને જવેલરીનો શોરૂમ શરૂ કર્યો. તેનું વળી ઉલાળીયું કરી નોકરીમાં જોડાયો, નોકરી કરતાં કરતાં ઈવેન્ટ મેનેજર અને મ્યુઝીકલ પાર્ટીનો ધંધો તેને બરકત વાળો લાગ્યો. કયારેક ફોટોગ્રાફી તો કયારેક પેઈન્ટીંગને તેણે હોબીમાંથી વ્યવસાય બનાવવાની કોશિશ કરી. કોઈ વાતમાં તે પાછો પડે તેમ ન હતો વાત માત્ર એટલી જ હતી જે કામ શરૂ કરે તે પૂરું થાય તે પહેલાં બીજું કામ શરૂ કરી દેતો.

એક દિવસ તે ગામડે ગયેલો. તેના પિતા એ તેને બજારમાંથી સફરજન લેવા મોકલ્યો. કૌશલ સફરજન લેવા બજારમાં જતો હતો. તે સમયે વચ્ચે તેને તેના કાકા મળી ગયા. તેમણે કહ્યું, 'કૌશલ, ઘરમાં લોટ ખલાસ થઈ ગયો છે લાવી આપને...'

હવે કૌશલ સફરજન લાવવાનું ભુલી ગયો અને 'ડી માર્ટ'માં લોટ લેવા નીકળી પડ્યો.

રસ્તામાં તેને તેનો મિત્ર જિગર મળી ગયો. તેણે કહ્યું, 'કૌશલ ઘેર મારો છોકરો એકદમ બિમાર થઈ ગયો છે. બેભાન છે, તેના માટે ડૉકટર ને બોલાવી લાવને.'

કૌશલે તેની વાત સાંભળતા 'ડૉકટરને બોલાવવા નીકળી પડ્યો. તે ઉતાવળમાં ભાગતો જતો હતો. કાકાએ સોંપેલું લોટ લાવવાનું કામ તે ભુલી ગયો.'

રસ્તામાં તેની પત્નીનો ફોન આવ્યો. તેણે કહ્યું, 'આખો દિવસ આમતેમ ફર્યા કરો છો અહીં ઘરમાં કેટલાં કામ હોય છે. જલ્દી ઘેર આવો મારે બહાર જવાનું છે.'

હવે કૌશલ ડૉકટરને બોલાવવાનું પડતું મૂકી ઘેર આવ્યો.

આ રીતે ત્રણ કામ કરવાનું સ્વીકાર્યું તો ખરું પરંતુ એક પણ કામ પૂરું ન કર્યું.

તે એક જયોતિષી પાસે ગયો અને કહ્યં, કે મારા હાથમાં સફળતાની રેખા છે કે નહીં હું કેટલા કામો કરું છું પણ...'

તેને વચ્ચે જ અટકાવતાં જયોતિષીએ કહ્યું, 'માણસે એક સમયે એક જ કામ મન લગાવી કરવું જોઈએ.' તે હવે વિચારે છે કયું કામ કરવું.

# પ્રતિબદ્ધતા : આપણાં કાર્યો અને સંબંધો પ્રત્યેની



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

મૂળ વઢવાણ ઝાલાવાડનાં વતની એવા લોક સાહિત્ય કલાકાર, લોક કથાકાર તરીકે ખૂબ જાણીતું નામ એટલે સ્વ. પુંજલભાઈ રબારી. ''ભજાતો'ય ભોળિયાવાળી'', ધન્ય ધરા,ધન્ય લોક'' જેવા લોક સાહિત્યનાં પુસ્તકોનાં સર્જક એવા પુંજલભાઈ વિષે ''સવાયા કચ્છી'' એવા લોક સાહિત્યકાર શ્રી ગોરધન પટેલ ''કવિ'' એ એક પ્રસંગ કહ્યો.જે માત્ર હૃદયને હચમચાવી દે એવો નથી પણ જીવનમાં એક મોટી શીખ આપે એવો પ્રસંગ છે.

એક રાત્રે મોરબી ખાતે લોક ડાયરાનો કાર્યક્રમ અને તેમાં પુંજલભાઈનું એક મુખ્ય કલાકાર તરીકે લોકોમાં નામ જાહેર થઈ ચૂક્યું હતું. પુંજલભાઈનાં નામે હજારો પ્રેક્ષકો ડાયરાને માણવા આવતા. પુંજલભાઈ ડાયરાના સમયે કાર્યક્રમ આપવા ઉપસ્થિત થઈ ગયા. અન્ય કલાકારોની સાથે પુંજલભાઈએ પણ પોતાની લોક સાહિત્યની કલા પીરસી. પ્રેક્ષકો તરફથી પુંજલભાઈને એક ફરમાઈશ કરવામાં આવી અને એ ફરમાઈશ પ્રમાણે પુંજલભાઈએ દીકરીને વળાવતું લોકગીત ''કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો'' ખૂબ જ ભાવવાહી અને હૃદયદ્રાવક શૈલીમાં રજૂ કર્યું. એ સમયે પુંજલભાઈની આંખો પણ ભરાઈ ગઈ. કાર્યક્રમ પૂરો થયો પછી આયોજકોને જાણવા મળ્યું કે એ કાર્યક્રમનાં દિવસે જ પુંજલભાઈની જુવાનજોધ દીકરી મૃત્યુ પામી હતી અને એ દીકરીને કાયમી વિદાય આપીને પુંજલભાઈ કાર્યક્રમ આપવા આવ્યા હતા. જોગાનુજોગ પ્રેક્ષકોએ દીકરીની વિદાયના ગીતની ફરમાઈશ કરી અને પુંજલભાઈએ કપાતા હૃદયે એ લોકગીત રજૂ કર્યું.

પોતાની દીકરીને કાયમ માટે વળાવ્યા પછી થોડી જ કલાકો પછી પુંજલભાઈ વઢવાણથી મોરબી કાર્યક્રમ આપવા માટે પહોંચી ગયા તેની પાછળની પુંજલભાઈની સમજણ કંઈક આ પ્રકારની હતી. એક, ભગવાને ભલે જે કર્યું તે, પણ આપણે કોઈનું બગાડવું નથી. બીજું એ કે પોતાની કલા પ્રત્યેની, પ્રેક્ષકો પ્રત્યેની, કાર્યક્રમના આયોજકો પ્રત્યેની પ્રતિબધ્ધતા. એકવાર ખાતરી આપી કે કાર્યક્રમમાં હું ઉપસ્થિત રહીશ, એ ખાતરી એ વચન, એ પ્રોમીસ પાળવાની પુંજલભાઈની પ્રતિબધ્ધતા. આ પ્રકારની પ્રતિબધ્ધતાને લીધે જે કદાચ પુંજલભાઈએ એક સાચા કલા સાધક તરીકેની પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શક્યા.

વિખ્યાત અભિનેતા પ્રાણ સાહેબ મલંગચાચાના પાત્રનું ફિલ્મ ઉપકારનું શૂટિંગ કરી રહ્યા હતા. ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક મનોજ કુમારે જોયું કે એ દિવસે પ્રાણ આખો દિવસ ઉદાસ હતા. પોતાનો શોટ આપીને એક તરફ ગુમસુમ બેસી જતાં હતા. આખો દિવસ આવું ચાલ્યું. રાત્રે એ દિવસનું શૂટિંગ પૂરું થયા પછી મનોજ કુમાર પ્રાણ પાસે ગયા અને તેમના શરીરને સ્પર્શ કર્યો તો તેમનું શરીર કાંપતું હતું. આખો દિવસ ઉદાસ, ગુમસુમ રહેવાનુ મનોજ કુમારે પ્રાણને કારણ પૂછ્યું. ખૂબ જ આગ્રહ પછી પરાણે વાત કરી કે ગઈકાલે શૂટિંગ પૂરું કરીને પોતે ઘેર ગયા ત્યારે તેમને સમાચાર મળ્યા કે તેમની બહેનનું કલકત્તા ખાતે અવસાન થયું છે. મનોજ કુમારને વાત સાંભળીને આધાત લાગ્યો. તેમણે પ્રાણને કહ્યું કે આપે કહ્યું હોત તો બે-ત્રણ દિવસ શૂટિંગ મુલતવી રાખી શક્યા હોત અને તમે કલકત્તા જઈ બહેનનાં અંતિમ દર્શન કરી શક્યા હોત. ત્યારે પ્રાણે કહ્યું કે મને ખાતરી હતી જ કે હું કહું તો આપે શૂટિંગ મુલતવી રાખ્યું હોત પણ બહેન તો ગઈ. તેના કારણે આપ સૌને શા માટે મોટું નુકશાન વેઠવું જોઈએ? મારી પરેશાની ખાતર તમને સૌને મારે શા માટે પરેશાન કરવા જોઈએ!? આવી હતી પ્રાણ સાહેબની પ્રતિબધ્ધતા અને કામ પ્રત્યેનું સમર્પણ.

પુંજલભાઈ રબારી કે પ્રાણ સાહેબની જેમ જ જો વ્યકિત પોતાનાં કાર્યો પ્રત્યે, પોતાનાં વચનો પાળવા માટે અને પોતાનાં સંબંધો પ્રત્યે જો પ્રતિબધ્ધ હોય તો તેના થકી વ્યકિતને પોતાને તો આત્મ સંતોષ મળે જ છે સાથે સાથે અન્ય સંકળાયેલી વ્યકિતઓને પણ એક પ્રકારની સંતુષ્ટી પ્રાપ્ત થતી હોય છે.

વ્યકિતના પોતાનાં માનવીય સંબંધોમાં સંબંધો અને સંબંધીઓ પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતા સંબંધોને માત્ર સારી રીતે વિકસાવતા નથી પણ એ સંબંધોને ગાઢ બનાવવા માટે અને નિભાવવા માટે ખૂબ જ ઉપયોગી થતી હોય છે. સંબંધો પ્રત્યેની પ્રતિબધ્ધતા થકી સંબંધોનો પાયો મજબૂત બનતો હોય છે. અને તેના ઉપર ઊભી થયેલી સંબંધોની ઈમારત કોઈ ડગાવી શકતું નથી.

બે વ્યકિત વચ્ચેનાં પ્રતિબધ્ધ સંબંધો કોઈપણ પ્રકારના પડકારોનો આસાનીથી સામનો કરી શકે છે. પ્રતિબધ્ધતા થકી સંબંધીત વ્યકિતઓનો એકબીજા ઉપર વિશ્વાસ મજબૂત બનતો હોય હોય છે અને એ મજબૂત વિશ્વાસ થકી એકબીજા પ્રત્યે શ્રદ્ધા પ્રગટતી હોય છે.

સંબંધોને સાચવવા અને નિભાવવા માટેની વ્યકિતમાં જો પ્રતિબધ્ધતા હોય તો એ સંબંધો માત્ર બે વ્યક્તિને જ નહિ, તેમની સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી વ્યકિતઓને પણ અનર્ગલ આનંદ અને દિવ્ય ખુશીની અનુભુતી થતી હોય છે.

ચાલો, આપણે સૌ આપણાં કાર્યો, આપણાં વચનો અને આપણાં સંબંધો પ્રત્યે પ્રતિબધ્ધતા કેળવીએ ને નિભાવીએ.

# કોરોનાથી મનોરોગ વ્યાપક થઈ રહ્યો છે : એકટીવ રહો





જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આજની દુનિયા એકધારી કોઈને કોઈ ભય નીચે જીવી રહી છે એ આપણા બધાના અયોગ્ય કર્મોનો એક ઉપસંહાર જ છે. યુદ્ધનો જર, આતંકવાદનો ડર, મહામારીનો ડર, એમ વિવિધ પ્રકારના ભય સતાવી રહ્યા છે ! કોરોના એ ખૂબ જ સુક્ષ્મ શાંત અદૃશ્ય શૈતાન વાઈરસના રુપમાં હરતો ફરતો રહે છે. જેનો પ્રથમ દૃષ્ટિય ડર નથી પરંતુ એ ઘાતક નિવડે અને તેમાં પણ જયારે નજીકમાં સ્વજન - સગાના પરિવારને રડતા જોઈને વ્યક્તિ માસ્ક વ્યવસ્થિત પહેરવા લાગે છે પરંતુ આ પ્રતિભાવ પણ સ્મશાન વૈરાગ્ય જેવો જ જોવા મળે છે. જાન હશે જહાન હશે - જીવતો નર ભદ્રા પામે એ સમજવું જ પડશે. મહામારી એ દરેક દેશની આર્થિક ગતિવિધિ તથા રફતારને મંદ બનાવી દીધી છે એટલે પ્રત્યેક ઘરમાં આર્થિક ભીંસ ઊભી થઈ છે જે સુખ-ચેન ને ભસ્મ કરે છે, ઉપાધિ અને વ્યાધિ માનવનાં મૂળ સ્વભાવમાં પણ ઘા કરે જ છે! વાતાવરણમાં ઋતુઓ તો કામ કરતી જ હોય છે તેમ છતાં આજની દુનિયામાં આર્થિક અસલામતી આવી એટલે એમ સમજવાનું કે જો સ્વસ્થ ચિત્તથી ના રહી શકો તો બધી વિપત્તિ વાવાઝોડાની જેમ તબાહી લાવી શકે છે જીડીપી દર વધે તે વાતમાં અપેક્ષા પણ રાખી શકાય તેમ નથી. માથાદીઠ જીડીપી ભારતમાં બાંગ્લાદેશની તુલનામાં પણ ઓછી છે એ સમાચારથી કંઈ નવું લાગ્યું નથી. સરકાર એ લોન ઘટકથી ઉપર જઈ સહાય ઘટકથી પ્રજાને અવશ્ય રાહત આપવી પડે તેમ છે એ વાત ગળા નીચે જાય છે!! રાહત પૅકેજ જે ૨૦ લાખ કરોડનું પહેલું જાહેર કર્યું તેના ધાર્યા કોઈ પરિણામ મેળવી શકાયા નથી. બજારમાં માંગ ઊભી કરવામાં સફળતા મળે તે માટે લોકોના હાથમાં પૈસા આવે તે દિશામાં હવે વધુ પ્રયાસો કરવાની તાતી આવશ્યકતા છે. એલટીસીના બદલે કેશ વાઉચર અને ફેસ્ટીવલ એડવાન્સની જાહેરાત કરી અર્થતંત્ર ને રૂા. ૯૩,૦૦૦ કરોડનો બૂસ્ટર ડોઝ આપ્યો છે પણ આ કંઈ નવિન રાહત નથી કેમ કે અસંગઠિત શ્રમિકો માટે કંઈક રજૂ કરવું પડે તેમ છે.

અત્રે એ નોંધનીય છે કે રાજય સરકારોની જીએસટીની આવકમાં મોટા ગાબડા પડ્યા છે અને રાજયો માટે તેના કર્મચારીઓના પગાર કરવાના પણ સવાલ ઊભા થયા છે. ખાનગી કંપનીઓ પાસે ઓડર્સનો અભાવ છે! નવા કર્મચારીઓની ભરતી પર હજી સત્વરે કામ થવાનું બાકી છે. મોંઘવારી મક્કમ ગતિથી વધી જાય છે. દિવસને રાત હવે શું થશે? એ મુંઝવણ કોરોનાના ડરથી સાથે વધતા સમાજમાં પારિવારિક ઝઘડા, કંકાસ, મનદુઃખ અને બેચેની વધતા જઈ રહ્યા છે. મનોરોગીઓની સંક્યા ખૂબ જ ઝડપથી વધતી જાય છે. મનોરોગમાં બે તત્ત્વો વધુ વ્યાપક તથા પ્રબળ નોંધવામાં આવે છે એક અપેક્ષાની અપૂર્તિ તથા બીજું પ્રાપ્તિમાં કચાશ સાથે બેવફાઈ !

પ્રત્યેક ઘરનું ઉંબરું જે પ્રતિદિન પૂજવાની જગ્યા છે ત્યાં આંસુઓ ટપકી રહ્યા છે. ગૃહસ્થધર્મમાં ભારોભાર અજંપો કટુતા આક્રોશ વધતા જાય છે. તેમાં નબળી આર્થિક હાલત બળતામાં ઘી હોમવાનું કામ કરે છે, પ્રેમ નામનું જીવન અમૃત ગુમ થયું છે. અર્પણ અને સમર્પણ ઘટી ગયા છે કેમ લઈ લેવું, વધુમાં વધુ લઈ લેવું તેની સ્પર્ધા ચાલે છે. જયાં આદર્શ રાખતા લોકો બહુ સહજ રીતે મરતા જાય છે. જે સામાન્ય રીતે હસતા જોવા મળે છે. ગમતી વ્યક્તિની થોડી લાગણી મેળવવા માટે આખી જિંદગી જીવે કે ખપાવી દે છતાં બીજું સામેનું પાત્રક્ષ અંદરથી એ અન્યનું નીકળે ત્યારે વ્યક્તિ તૂટી પડે છે અને જીવન સજા લાગે છે. આ પ્રકારના જીવનથી સમાજ કદી ટકાઉ રીતે સુખી ના થઈ શકે! જીવન સંઘર્ષ કરનાર વ્યક્તિ અંદરથી કોઈકની સાચુકલી સહાનુભૂતિ ઝંખે છે છતાં ત્યાં શબ્દોની ઝાળમાં અદાકારી કરીને કશી ક ચાલ રમાય તો એ અંતે કરૂણ ઘટનામાં રૂપાંતર થાય છે. પરિવારો સામુહિક રીતે આપઘાતો કરવા લાગ્યા છે. અથવા પુત્ર સગા બાપને મોતને ઘાટ ઉતારે છે આ બધા આપણી સામુહિક નિષ્ફળતા છે જેના પાયામાં નવા યુગનું ઈન્ટરનેટ મુખ્ય થઈ ગયું છે. બધાના સ્વપ્ના જીવને જીવ પૂરા થાય એ શક્ય હોતું નથી એ પણ લોકો ભૂલી ગયા છે. રમેશ પારેખનો માર્મિક શૅર છે -

સાંકળ જો બંધ હોય તો ખોલી ને નીકળું
ખુલ્લી જગ્યા ને કેમ હું તોડી ને નીકળું?

ટૂંકમાં કહીએ તો આ સમયમાં મહામારીના ભયથી વધુ પીડિત થવા કરતાં સમસ્યાને સહજ રીતે સાવધાની રાખી બેચેનીને રોકો ઉપરાંત વ્યસ્ત રહો - એકટીવ રહો જેથી ઘરમાં થતાં પ્રશ્નો પણ હળવા થઈ શકશે. કોરોના લાંબા સમય સુધી આપણી વચ્ચે રહેવાનો છે માટે અત્યંત પીડિત નહીં થતા એ બાબતે માત્ર બેદરકારી ને છોડી દો. સરકાર પણ વેકસીન વધુ ઝડપથી ઉપલબ્ધ બને તેની ચિંતા કરે જ છે છતાં અપીલ એ છે કે આર્તિક તંગી ટાળવા અને મંદીને રોકવા વધુ નક્કર કાર્યક્રમ અમલી બનાવે, સરકારી ખર્ચમાં વૃદ્ધિ થાય અને લોકોની માંગને ધક્કો લાગે તો માર્કેટમાં દિવાળી ઉપર સુધારણા થશે. ભરતી કાર્યક્રમો યોજી ઘટતી જગ્યા પુરવાની પણ જરૂરિયાત છે, માત્ર ખાનગીકરણ એ ઉપાય નથી કેમ કે પ્રજાને પોતિકી ચૂંટેલી સરકાર અને તેમની મદદ જોઈતી હોય છે જે ખરા અર્થમાં સ્વરાજ કહેવાય છે. આનંદને વિચારો, વ્યસ્ત રહીને જીંદગીને હળવી છતા મોજીલી બનાવો એટલે મહામારી જ મરી જશે.

**શેર આસ્વાદ :**

**બે કિલોની જિંદગી આપણી ને બે મણનો બોજ**
**લાત મારીને દુઃખ, ચાલ કરીએ સુખની ખોજ.**